પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૭/કવા–૦૨/૧૬–૧૭/ ૪૩૭ તા. ૨૦/૦૯/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
કણજારીયા શામજીભાઈ મોહનભાઈ,
રે. ભાણવડ,
ઠે.ખરાવાડ,
તા. ભાણવડ,
જી: દેવભુમી દ્વારકા

વિષય :–એકસ આર્મી મેન ના કોટા મા ખેતીવાડી વીજજોડાણ મેળવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૭/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબનો અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમાટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૫)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, જામજોધપુર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી,ભાણવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો [illegible] નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુત્તરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના [illegible] [illegible] આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

કેસ નં. : સીજીઆરએફ : ૫૭/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીંગ તા.૧૨–૦૯–૧૬ | સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: કણજારીયા શામજીભાઈ મોહનભાઈ,ગામ: ભાણવડ,**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી શામજીભાઈ મોહનભાઈ કણજારીયા હાજર રહેલ હતા.**

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,ભાણવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામજોધપુર)**

**રજુઆત કરનાર :કે.એ.કરમુર, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, જામજોધપુર**

## : હુકમ :

**ફરીયાદ : એકસ આર્મી મેન ના કોટા મા ખેતીવાડી વીજજોડાણ મેળવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | ફોરમ સમક્ષ ના અરજદાર શ્રી શામજીભાઈ મોહનભાઈ કણજારીયા, પોતે ફોરમ કમિટી ની મીટીંગ મા રૂબરૂ ઉપસ્થિત રહી અને, નીચે મુજબ ની બાબતો, જે ફરીયાદ રૂપ મા વર્ણવે છે. |
| ૧.૧ | અરજદાર શ્રી પોતે, શારીરીક ક્ષતિગ્રસ્તતા ના કારણોસર, આર્મી ની નોકરી માથી, આર્મી ડિપાર્ટમેન્ટ તરફથી, તા.૧૦–૧૨–૧૯૯૭ ના રોજ નિવૃત કરાયેલ છે. આમ, આ મુજબ તેઓ શ્રી એકસ આર્મી મેન છે. તેઓ શ્રી ની અગાઉ ની, તેમના ગામ: ભાણવડ ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૩૧૮ પૈકી ૩ પૈકી ૧ મા, સામાન્ય યોજના હેઠળ નુ, નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે, તા.૧૪–૦૨–૨૦૦૮ ના રોજ, રૂ.૨૦૦/– નોધણીચાર્જ ભરપાઈ કરીને, પીજીવીસીએલ ની ભાણવડ પેટા વિભાગીય કચેરી મા, વિધીસર ની અરજી નોંધાવેલ હતી. |
| ૧.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, તેઓ શ્રી '' એકસ આર્મી મેન'' હોય, સરકાર શ્રી ના ધોરણ મુજબ, ' ' એકસ આર્મી મેન'' ના, પ્રતિ વર્ષ ના કવોટા હેઠળ, નવુ જોડાણ આપવાની પીજીવીસીએલ મા જોગવાઈ હોય, આ જોગવાઈ ને આધિન રહીને, તેઓ શ્રી એ, તેમના ઉપરોકત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની, તા.૧૪–૦૨–૨૦૦૮ ની સામાન્ય યોજના હેઠળ નોધાયેલ નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને, અગ્રીમતા ના ધોરણે, જોડાણ આપવા માટે ની વિધીસર ની અરજી, જે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે પીજીવીસીએલ મા રજુ કરેલ હતી. |
| ૧.૩ | પરંતુ, પીજીવીસીએલ ની ભાણવડ પેટા વિભાગીય કચેરી તરફથી, તેઓશ્રી ની ઉપરોકત મુદદા નં. ૧.૨ મુજબ ની વિગતે ની, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ની તબદીલી વાળી અરજી માન્ય રાખવામા આવેલ ન હોવાની, તેઓ શ્રી ને લેખીત પત્ર આપીને જાણકારી આપવામા આવેલ હતી. |
| ૧.૪ | આમ, મુદદા નં.૧.૩ મુજબ ની વિગતે તેઓની, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ની વિનંતી ને, પીજીવીસીએલ તરફથી માન્ય ન રાખવામા આવતા, અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ની નિતી બાબતે, ઘેરો અસંતોષ રહેલ હતો. જેથી, અરજદારે પીજીવીસીએલ ને, લેખીત પત્ર આપી અને જણાવેલ હતુ કે, તેઓ શ્રી ના સરખા કેઈસ – એટલેકે '' એકસ આર્મી મેન'' ના કવોટા વાળા કેઈસ વાળા– સર્વ શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ની, તા.૨૪–૦૭–૨૦૦૮ ની અરજી, જે ખરેખર તેઓ શ્રી ની મુળ તા.૧૪–૦૨–૨૦૦૮ ની પછી ના સમયગાળા ની હોવા છતા, પીજીવીસીએલ તરફથી, શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ની, મુળ તા.૨૪–૦૭–૨૦૦૮ ની અરજી ને, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ મંજુર કરી, અને સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી નુ, રૂ.૫૦૦૦/– થી રૂ.૬,૦૦૦/– વચ્ચે ની રકમ નુ ભાવપત્રક આપી અને જોડાણ મંજુર કરાયેલ છે. અને તા.૧૦–૦૮–૧૦ ના રોજ, સદર શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી નુ જોડાણ, માંગણી મુજબ ના સ્થળ પર ચાલુ પણ કરી આપવામા આવેલ છે. પરંતુ, તેઓનો કેઈસ પણ આ મુજબ નો જ, એટલેકે '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ નો જ હોય, તેમજ તેઓ શ્રી ની અરજી પણ, સવાલવાળા અરજદાર પહેલાની નોંધાયેલ હોવા છતા, તેઓ શ્રી ને, તેમના સરખા કેઈસ વાળા શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ને, તેમના પહેલા, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ, '' સામાન્ય યોજના હેઠળ ના ખર્ચ ની મંજુરી હેઠળ, જોડાણ આપવામા આવેલ છે. જયારે, તેઓ શ્રી ને '' સામાન્ય યોજના હેઠળ ના ખર્ચ ની મંજુરી હેઠળ, '' એકસ આર્મી મેન'' ના કવોટા મુજબ નુ જોડાણ '' અપાયેલ નથી. આ બાબત ને, પીજીવીસીએલ ની સેવાકીય બેદરકારી, અને એકપક્ષીય નિતી અન્વયે, તેઓ શ્રી ને અન્યાય થયેલ હોવાનુ અરજદાર ને જણાયેલ હતુ. |

| | |
|---|---|
| **૧.૫** | આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૧.૪ મા વર્ણવેલ મુજબ ની વિગતે ફરીયાદી અરજદાર શ્રી ને અન્યાય થતા, તેઓ શ્રી એ નામદાર '' જામનગર જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ '' સમક્ષ તા.૨૦–૦૭–૨૦૦૯ ના રોજ, વિધીસર ની ફરીયાદ અરજી દાખલ કરી અને ન્યાય મેળવવા માટે ની માંગણી કરેલ હતી. નામદાર '' જામનગર જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ '' તરફથી, તેઓ શ્રી ની સદર તા.૨૦–૦૭–૨૦૦૯ ની અરજી ની તમામ વિગતો અભ્યાસે લઈ અને તા.૨૭–૦૨–૨૦૧૨ ના રોજ, ફરીયાદી શ્રી ની મહદઅંશે તરફેણ મા, તેમજ પીજીવીસીએલ ની વિરૂધ્ધ મા હુકમ કરેલ હતો. આ હુકમ મુજબ – અગાઉ, ફરીયાદી ની મુળ તા.૧૪–૦૨–૨૦૦૮ અરજી ને, '' તત્કાલ યોજના હેઠળ '' પીજીવીસીએલ પક્ષકાર તરફથી જે તત્કાલ ખેતીવાડી વીજજોડાણ અપાયેલ છે, તે બાબત ફરીયાદી અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ના નિયમાધીન મુજબ, સદર પ્રકાર ના કેઈસો મા, તત્કાલ યોજના હેઠળ અન્વયે ની, જોગવાઈ ના ભાગરૂપ જ હોય, અને અરજદાર શ્રી ની વિધીસર ની અરજી મા કરાયેલ વિનંતી મુજબ જ, પીજીવીસીએલ તરફથી, તેમની '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ની '' મુળ તા.૧૪–૦૨–૨૦૦૮ ની અરજી ને તત્કાલ યોજના હેઠળ અપાયેલે તત્કાલ ખેતીવાડી વીજજોડાણ ની, પીજીવીસીએલ ની તમામ કાર્યવાહી, '' જામનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ'' તરફથી માન્ય રખાયેલ હતી. જયારે તેઓ શ્રી ના '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ના સરખા કેઈસ વાળા અન્ય શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી, કે જેમની મુળ અરજી, ફરીયાદી અરજદાર ની મુળ અરજી પછી નોંધાયેલ હોવા છતા, સદર શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ને '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ, પીજીવીસીએલ ના નિયમ મુજબ તત્કાલ ખેતીવાડી વીજજોડાણ યોજના ના ધોરણ હેઠળ ના ખર્ચ મુજબ, જોડાણ આપવા પાત્ર હોવા છતા, પીજીવીસીએલ ની, '' અનફેર ટ્રેડ પ્રેકટીસ '' ના કારણોસર, સદર શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ને '' સામાન્ય યોજના હેઠળ'' જોડાણ આપી, અને પીજીવીસીએલ દ્વારા, ખુદ કંપની નો જ નિયમ ભંગ કરીને, '' અનફેર ટ્રેડ પ્રેકટીસ '' હેઠળ, શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ની તરફેણ કરી, અને ફરીયાદી અરજદાર શ્રી ને, જે અન્યાય કરી, અને આર્થિક નુકશાન કરાયેલ હોય, તે બાબત ને, ગંભીર ગણીને, પીજીવીસીએલ કંપની ને સદર નુકશાન પેટે '' ફરીયાદી અરજદાર શ્રી ને – સેવાકીય ખામી અન્વયે ના રૂ.૧૦,૦૦૦/– '' તેમજ, '' ફરીયાદ ખર્ચ સબંધક ખર્ચ ના રૂ.૫૦૦૦/– '' ચુકવવાનો, નામદાર '' જામનગર જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ '' તરફથી, તા.૨૭–૦૨–૨૦૧૨ ના રોજ હુકમ થયેલ હતો. |
| **૧.૬** | ફરીયાદી અરજદાર ફોરમ કમિટી ને જણાવે છે કે, જો પીજીવીસીએલ તરફથી, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ નુ નવુ ખેતીવાડી વીજજોડાણ, સામાન્ય યોજના ના ખર્ચ હેઠળ આપવાને નિયમાધીન હોય, તો '' તેઓ શ્રી ને સદર આર્મી કવોટા હેઠળ નુ જોડાણ ખરેખર સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ના ખર્ચ હેઠળ આપવાને બદલે – તત્કાલ યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ના ખર્ચ મુજબ અપાયેલ છે. આવા કારણોસર, રૂ.૫૦૦૦/– થી રૂ.૬૦૦૦/– ના ખર્ચ મા મળતુ જોડાણ, તેઓને રૂ.૫૧,૫૨૫/– ના ખર્ચ હેઠળ મળેલ છે. આમ, પીજીવીસીએલ તરફથી જે તે સમયે નિયમો નુ પાલન ન કરીને, અથવા તો નિયમોનુ મનઘડત અર્થઘટન કરીને, તેઓને અન્યાય કરાયેલ છે. |
| **૧.૭** | વિશેષ મા ફરીયાદી અરજદાર ફોરમ કમિટી ને ખાસ જણાવેછે કે, તેઓ શ્રી ને પીજીવીસીએલ તરફથી અગાઉ તા.૦૬–૧૧–૧૨ ના રોજ અપાયેલ, તત્કાલ યોજના હેઠળ ના સવાલવાળા નવા ખેતીવાડી વીજજોડાણ ની ઉભી થનાર વીજલાઈન ના થાંભલાઓ તેમજ ટ્રાન્સફોર્મર, જે તેમની માલીકી ની જમીન ના શેઢા પર ઉભા થવાની પુરી શકયતા હોવા છતા, પીજીવીસીએલ તરફથી, તેમ ન કરતા, જાણી જોઈને, તેમની માલીકી ની જમીન પર ઉભા કરી અને તે મુજબ તેઓની અંગત માલીકી ની જમીન મા નુકશાન કરી અને તેઓને અન્યાય કરેલ છે. |

## મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| **૨.૧** | ફોરમ સમક્ષ ના અરજદાર શ્રી શામજીભાઈ મોહનભાઈ કણજારીયા એ, તેમના ગામ: ભાણવડ ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૩૧૮ પૈકી ૩ પૈકી ૧ મા, અગાઉ તા.૧૪–૦૨–૨૦૦૮ ના રોજ નોંધાયેલ, સામાન્ય યોજના હેઠળ ના નવા ખેતીવાડી વીજજોડાણ ની અરજીને, '' તેઓ શ્રી એકસ આર્મી મેન હોય'' તેઓ શ્રી ની '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ની, અગ્રીમતાના ધોરણે, જોડાણ આપવા માટે ની અરજી, સબંધક પેટા વિભાગીય કચેરી મા આપેલ હતી. સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરીયાદી અરજદાર ની સદર અરજી, તા.૨૯–૦૪–૨૦૦૮ ના રોજ વિભાગીય કચેરી સમક્ષ રજુ કરાયેલ હતી. વિભાગીય કચેરી તરફથી સદર અરજી ને ચકાસણી મા લઈ અને '' સદર જોડાણ – એકસ આર્મી મેન ના કવોટા હેઠળ '' ન આપી શકાય તે મુજબ નો અભિપ્રાય થયેલ હતો. જેથી, પીજીવીસીએલ ની સબંધક કચેરી તરફથી, પત્ર નં: ૨૩૧૮૬ તા.૨૦–૦૫–૨૦૦૮ થી અરજદાર શ્રી શામજીભાઈ મોહનભાઈ કણજારીયા ને, આ મુજબ ની જાણકારી આપવામા આવેલ હતી. આમ, આ સમયગાળા દરમ્યાન અરજદાર શ્રી નો, સદર '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ નો કેઈસ માન્ય રહેલ ન હતો. જયારે, આ સમયગાળા દરમ્યાન, અન્ય '' એકસ આર્મી મેન'' એવા શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ની, મુળ તા.૨૪–૦૭–૨૦૦૮ ની અરજી ને, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ, '' જે તે સમય ની તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ, ના નવા ખેતીવાડી વીજજોડાણ ની તા.૧૩–૦૮–૨૦૦૮ ની દરખાસ્ત અન્વયે, પીજીવીસીએલ ની નિગમીત કચેરી તરફથી મંજુરી મળેલ હતી.'' |

| | |
|---|---|
| **૨.૨** | આમ, ફરીયાદી અરજદાર શ્રી નો '' સદર એકસ આર્મી મેન ના કવોટા હેઠળ નો કેઈસ'' જે, પ્રથમ વખત માન્ય રહેલ ન હોવાથી, સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, ફરી એક વખત વિભાગીય કચેરી સમક્ષ તા.૧૯–૧૨–૨૦૦૮ ના રોજ રજુ થયેલ હતો. અને વિભાગીય કચેરી તરફથી, સદર કેઈસ તા.૨૯–૧૨–૨૦૦૮ ના રોજ જામનગર વર્તુળ કચેરી સમક્ષ રજુ થયેલ હતો. જામનગર વર્તુળ કચેરી તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના '' સદર એકસ આર્મી મેન ના કવોટા હેઠળ નો કેઈસ '' અભ્યાસે લઈ અને, '' સદર જોડાણ – એકસ આર્મી મેન ના કવોટા હેઠળ '' જે વર્ષ–૨૦૦૮–૨૦૦૯ નો પુરો થયેલ હોય, અરજદાર ને '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ જોડાણ ન આપી શકાય તે મુજબ નો, સબંધક કચેરી ને, વર્તુળ કચેરી જામનગર તરફથી, પત્ર નં: ૩૫ તા.૦૨–૦૧–૨૦૦૯ થી જાણકારી આપતો પત્ર અપાયેલ હતો, અને હવે સદર કેઈસ ને, '' વર્ષ–૨૦૦૯–૨૦૧૦ ના કવોટા હેઠળ '' રજુ કરવાની, દરખાસ્ત તૈયાર કરી અને, વર્તુળ કચેરી મા રજુ કરવા બાબતે, વર્તુળ કચેરી જામનગર તરફથી સબંધક પેટા વિભાગીય કચેરી ને માર્ગદર્શન આપવામા આવેલ હતુ. જેથી, સબંધક કચેરી તરફથી, ફરી એક વખત, ફરીયાદી અરજદાર શ્રી ના સદર કેઈસ ને'' વર્ષ–૨૦૦૯–૨૦૧૦ ના – '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ '' ની દરખાસ્ત સાથે, વિભાગીય કચેરી સમક્ષ તા.૦૧–૦૫–૨૦૦૯ થી રજુ થયેલ હતો. વિભાગીય કચેરી તરફથી સદર દરખાસ્ત ચકાસણી કરતા, '' વર્ષ–૨૦૦૯–૨૦૧૦ ના કવોટા હેઠળ ના કુલ ૦૫ જોડાણો મંજુર થઈ ચુકેલ હોય'' સદર કેઈસ ને ફરી એક વખત માર્ચ–૨૦૧૦ પછી ના કવોટા મા સમાવવા માટે, વર્તુળ કચેરી મા રજુ કરવા બાબતે નો તા.૦૩–૦૭–૨૦૦૯ નો પત્ર ક્રમાંકઃ ૫૬૦૫ સબંધક પેટા વિભાગીય કચેરી ને અપાયેલ હતો. જેથી, સદર કેઈસ ની ફરી એક વખત દરખાસ્ત, જે વિભાગીય કચેરી / વર્તુળ કચેરી મારફત, પીજીવીસીએલ ની સક્ષમ એવી નિગમીત કચેરી સમક્ષ તા.૨૧–૦૩–૧૧ થી રજુ થયેલ હતી. પીજીવીસીએલ ની સક્ષમ એવી નિગમીત કચેરી દ્વારા સદર દરખાસ્ત અભ્યાસે લઈ, અને અરજદાર શ્રી ના '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ના સદર જોડાણ ને, તે સમયે પ્રવર્તમાન એવા '' તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ તા.૦૪–૧૧–૧૧ થી '' મંજુરી મળેલ હતી. જેથી, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ની તેમની મુળ તા.૧૪–૦૨–૨૦૦૮ ની, સામાન્ય યોજના હેઠળ ની અરજી ને, પીજીવીસીએલ ના નિયમ મુજબ, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ના જોડાણોને, તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ મંજુરી આપવા બાબતે ના નિયમાધીન રહીને, ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ ને, '' તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ '' જોડાણ હેઠળ ની અગ્રીમતા મા આવરી લઈ, અને તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ ની મંજુરી નુ, રૂ.૧,૧૯,૭૫૦/– નુ ભાવપત્રક આપવામા આવેલ હતુ. |
| **૨.૩** | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતે, તેમના સરખા કેઈસ વાળા, અન્ય શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ને, કે જેની અરજી તેમની અરજી પછી ની હોવા છતા, પ્રથમ લઈ, અને '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ના, સામાન્ય યોજના હેઠળ ના ખર્ચ હેઠળ જોડાણ મંજુર થયેલ હોય, જયારે, તેઓ શ્રી ની અરજી, સદર સવાલવાળા શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી ની અરજી પહેલાની હોવા છતા, સામાન્ય યોજના હેઠળ મંજુરી ન આપી, અને તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ ના ખર્ચ નીચે મંજુરી આપી, પીજીવીસીએલ તરફથી, કાયદાનુ મનઘડત અર્થઘટન કરી, અને તેઓને અન્યાય તેમજ આર્થિક નુકશાન થયેલ હોવાથી, ફરીયાદી અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની સદર કામગીરી સામે, '' જામનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ મા '' તા.૨૦–૦૭–૦૯ ના રોજ ફરીયાદ અરજી દાખલ કરાયેલ હતી અને આ ફરીયાદ અરજી '' જામનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ તરફથી, તા.૧૯–૦૪–૧૨ થી '' હુકમીત થયેલ હતી. જે હુકમ મુજબ, ફરીયાદી અરજદાર શ્રી નુ, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ નુ અગ્રીમતાના ધોરણે, તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ નુ, સદર જોડાણ બાબતે, પીજીવીસીએલ ની કાર્યવાહી નિયમાધીન માન્ય રાખેલ હતી. પરંતુ, સદર તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ નુ, જે પ્રથમ રૂ.૧,૧૯,૭૫૦/– નુ, જે ભાવપત્રક અપાયેલ હતુ, તે ભાવપત્રક ના ખર્ચ બાબતે, ફરી વખત ચકાસણી કરી, અને નિયમાધીન ખર્ચ હેઠળ નુ ભાવપત્રક આપવા બાબતે નો, '' જામનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ '' તરફથી હુકમ થયેલ હોય, પીજીવીસીએલ તરફથી, સદર હુકમ ને આધિન રહીને, જે તે સમયે પ્રવર્તમાન એવી તત્કાલ ખેતીવાડી યોજના –૨૦૦૪ ની યોજના મા કરાયેલ ધોરણ મુજબ, ફરીયાદી અરજદાર નુ, કુલ ૧૧૫ મીટર ની ૧૧ કેવી વીજલાઈન ના ખર્ચ સબબ નુ, અગાઉ અપાયેલ રૂ.૧,૧૯,૭૫૦/– નુ ભાવપત્રક, રૂ.૧,૧૯,૭૫૦/– ને બદલે, રૂ.૫૧,૫૨૫/– મુજબ રીવાઇઝ કરવામા આવેલ હતુ. જેની રકમ અરજદાર શ્રી એ તા.૦૬–૦૮–૨૦૧૨ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી, અને તા.૨૩–૦૮–૨૦૧૨ના રોજ કરારનામુ કરેલ હતુ. તેમજ તા.૨૨–૧૦–૨૦૧૨ ના રોજ, કચેરી મા ટેસ્ટ રીપોર્ટ રજુ કરી આપેલ હતો. જેથી, પીજીવીસીએલ તરફથી, ફરીયાદી અરજદાર શ્રી નુ સદર '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ નુ, તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ, માંગણી મુજબ ના સ્થળ પર મીટર તેમજ સર્વિસ લગાડી અને, તા.૦૬–૧૧–૧૨ ના રોજ જોડાણ ચાલુ કરી આપવામા આવેલ હતુ. હાલ ના તબ્બકે, આ જોડાણ , જે ગ્રાહક નં.: ૩૨૮૦૧/૧૦૬૬૯/૦ થી ચાલુ છે. |

| | |
|---|---|
| **૨.૪** | ફરીયાદી અરજદાર શ્રી નુ, સદર જોડાણ ૧૧૫ મીટરની ૧૧ કેવી વીજલાઈન ની માંપણી મુજબ મંજુર કરાયેલ હતુ. જયારે, વાસ્તવિક માપણી મુજબ, સદર વીજલાઈન ૧૦૬ મીટરની જણાયેલ છે. સદર વીજલાઈન ઉભી કરતા પહેલા, ફરીયાદી અરજદાર શ્રી એ, સદર વીજલાઈન તથા ટ્રાન્સફોર્મર, જે તેમન શેઢા પર ઉભા કરવા બાબતે, અગાઉ પીજીવીસીએલ ની કોઈ કચેરી મા લેખીત ફરીયાદ અરજી આપેલ ન હતી. હાલ ના તબ્બકે, જોડાણ ચાલુ થયા તા.૦૬–૧૧–૧૨ પછી ના, આશરે ૩.૫ વર્ષ પછી, ફોરમ સમક્ષ, સવાલવાળી વીજલાઈન તથા ટ્રાન્સફોર્મર, મુળ જગ્યા પર થી દુર કરી, અને શેઢા પર ઉભુ કરવાની માંગણી કરેલ છે. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ની સદર ફરીયાદ, પીજીવીસીએલ કક્ષાએથી લક્ષ્યમા લઈ, અને સદર વીજલાઈન ના સ્થળ ની, ફરીયાદી શ્રી ની હાજરી મા રૂબરૂ ચકાસણી કરી, તાંત્રીક રીતે શકય અને અનુકુળ જણાય તે મુજબ, શેઢા પર ખસેડવા બાબતે ની, શીફટીગ ની કાર્યવાહી, જે પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમ મુજબ ના ખર્ચ હેઠળ નુ ભાવપત્રક અરજદાર શ્રી ને આપી અને કરી શકાય. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩** | સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી તરફથી રજુ થયેલ લેખીત ફરીયાદ અરજી, લેખીત રજુઆત, તેમજ મૌખીક ચર્ચાઓ વગેરે, મુદદા નં. ૧.૧ થી ૧.૭ મુજબ ની વિગતે વિવરણ કરાયેલ તમામ બાબતો, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ લેખીત અહેવાલ સાથે ના દસ્તાવેજીક પેપર્સ, તેમજ મૌખીક ચર્ચાઓ વગેરે મુદદા નં. ૨.૧ થી ૨.૩ મુજબ ની વિગતે વિવરણ કરેલ તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચેના મુદદાઓ મા વર્ણવેલ વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| **૩.૧** | ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ અરજી ના મુદદા નં. ૧.૧ થી ૧.૬ મુજબ ની વિગતે વર્ણવેલ બાબતો ને આનુષાંગીક જ હોય, તે મુજબ ની બાબતે નો જ, અગાઉ નામદાર '' જામનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ''સમક્ષ, ફરીયાદી અરજદાર તરફથી, તા.૨૦–૦૭–૨૦૦૯ ના રોજ ફરીયાદ નં. ૨૫૧/૦૯ થી દાખલ થયેલ હતો. અને ત્યારબાદ, તા.૨૭–૦૨–૧૨ ના રોજ, સદર કેઈસ નામદાર '' જામનગર ગ્રાહક તકરાર નિવારણ ફોરમ''તરફથી હુકમીત થયેલ છે. આમ, મુદદા નં. ૧.૧ થી ૧.૬ મુજબ ની ફોરમ સમક્ષ ની, ફરીયાદી અરજદાર શ્રી ની ફરીયાદ બાબત, જે અગાઉ નામદાર '' જામનગર જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ '' તરફથી હુકમીત થયેલ હોય, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ– એટલેકે નોટીફિકેશન નંબર:: ૦૨/૨૦૧૧ નાં મુદા નઃ ૨.૩૦ ( i ) મા કરાયેલ જોગવાઈ મુજબ, ન્યાયિક બાબતો માટે, કાયદાકીય રીતે સક્ષમ ( Judice Status ધરાવતા) એવા "જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ '' દ્રારા હુકમીત થયેલ હોય, તેવી બાબતો વાળી ફરીયાદો ના નિકાલ કરવાની કામગીરી, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ના સતાક્ષેત્ર મા સ્માવિષ્ટ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી ફોરમ સમક્ષ ની મુદદા નં૧.૧ થી ૧.૬ મા વર્ણવેલ ફરીયાદ નો નિકાલ અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર તરફથી થઈ શકે નહી. આવા કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ફોરમ સમક્ષ ની મુદદા નં૧.૧ થી ૧.૬ મા વર્ણવેલ ફરીયાદ ની વિગત વાળી બાબત, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર કક્ષાએથી, કોઈ કાર્યવાહી હેઠળ સમાવિષ્ટ ન થતા દફતરે કરાયેલ છે. |
| **૩.૨** | જયારે, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની સવાલવાળી ફરીયાદ અરજી ના મુદદા નં. ૧.૭ મા – જે તેઓ શ્રી ના તા.૦૬–૧૧–૧૨ ના રોજ ના ચાલુ કરાયેલ, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ના તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ ની, મંજુર જોડાણ માટે ની વીજલાઈન ના, થાંભલાઓ તથા ટ્રાન્સફોર્મર, જે ખરેખર, ફરીયાદી અરજદાર શ્રી ના શેઢા પર, ઉભા કરવાની બાબત જે તે સમયે તાંત્રીક દ્રષ્ટીએ શકયતા વાળી હોવા છતા, પીજીવીસીએલ તરફથી, જે તે સમયે તે મુજબ ન ઉભા કરી, અને ફરીયાદી અરજદાર શ્રી ની અંગત માલીકી ની જમીન ને નુકશાન થાય તે મુજબ, ઉભા કરાયેલ હોવાની બાબતે ની, ફરીયાદી અરજદાર શ્રી ની ફોરમ સમક્ષ ની ફરીયાદ ના અનુસંધાને, ખાસ કરીને પીજીવીસીએલ ને જણાવવાનુ કે – જો, સદર મંજુર કરાયેલ વીજલાઈન તથા ટ્રાન્સફોર્મર ઉભા કરતા પહેલાના સમયગાળા ની, ફરીયાદી અરજદાર શ્રી ની આ મુજબ ની, લેખીત ફરીયાદ અરજી, જો પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી / વિભાગીય કચેરી / વર્તુળ કચેરી સમક્ષ રજુ થયેલ હોય તો, તે અરજી ને રેકર્ડ આધારીત એવી આગવી રજુઆત અરજી ગણી અને, ફરીયાદી અરજદાર શ્રી ની સદર, આગવી રેકર્ડ આધારીત ફરીયાદ અરજી પરત્વે, જે તે સમયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફરીયાદી અરજદાર શ્રી ના, સદર જોડાણ વાળા સ્થળ પર, ફરીયાદી અરજદાર શ્રી ની હાજરી મા, રૂબરૂ ઉપસ્થિત રહી અને, ચકાસણી કરી, જો ફરીયાદી અરજદાર શ્રી ની માંગણી મુજબ ની વીજલાઈન શીફટીગ કરવાની બાબત, જો નિયમાધીન જણાયેલ હોય અથવા તો ન હોય, તે મુજબ નો, પીજીવીસીએલ તરફથી ફરીયાદી અરજદાર ને પ્રત્યુતર પત્ર આપવામા આવેલ ન હોય તો – એટલેકે સદર આગવી અરજી પરત્વે અગાઉ કોઈ કાર્યવાહી થયેલ ન હોય તો, સદર આગવી અરજી પરત્વે પીજીવીસીએલ કક્ષાએથી કાર્યવાહી હાથ ધરવાની બાબત પીજીવીસીએલ માટે નિયમાધીન જરૂરી છે. જે મુજબ, સદર આગવી અરજી ની કાર્યવાહી ના ભાગરૂપ, ફરી એક વખત, અરજદાર શ્રી ની હાજરી મા, અરજદાર શ્રી ના માંગણી મુજબ ના સ્થળ નુ સવેક્ષણ કરી, અને તે અન્વયે, હાલ ના તબ્બકે, ઉભી થયેલ વીજલાઈન અને ટ્રાન્સફોર્મર, અરજદાર શ્રી ની માંગણી મુજબ, તેમની જમીન ના શેઢા પર, ઉભા કરવાની બાબત, જો પીજીવીસીએલ પક્ષકાર ને, તાંત્રીક દ્રષ્ટીએ યોગ્ય અને વ્યાજબી જણાય તો, ફરીયાદી અરજદાર પાસેથી, શીફટીગ નો કોઈપણ ખર્ચ વસુલ કર્યા વગર, સદર વીજલાઈન, પીજીવીસીએલ તરફથી, સદર વીજલાઈન અરજદાર શ્રી ની માંગણી મુજબ શીફટીગ કરવા ની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય હોવાનુ, ફોરમ કમિટી ને જણાયેલ છે. |

| | |
|---|---|
| **૩.૩** | પરંતુ, ઉપરોક્ત મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે ની, વીજલાઈન ઉભી કર્યા પહેલા જ, સદર વીજલાઈન શીફટીગ કરવા બાબતે ની, ફરીયાદી અરજદાર શ્રી ની, અગાઉ પીજીવીસીએલ ની કોઈપણ કચેરી મા ફરીયાદ અરજી નોંધાયેલ ન હોય, અને સદર ફરીયાદ વીજલાઈન ઉભી કર્યા પછીના સમયગાળા મા જ નોંધાયેલ હોય, અથવા તો, સદર ફરીયાદ બાબત ફરીયાદી અરજદારે, હાલ ના તબ્બકે, માત્ર – ફોરમ સમક્ષ જ ફરીયાદ અરજી ના રૂપ મા જણાવેલ હોય તો, તેવા સંજોગોમા, ફરી એક વખત અરજદાર શ્રી ની હાજરી મા, અરજદાર શ્રી ના માંગણી મુજબ ના સ્થળ નુ સર્વેક્ષણ કરી, અને તે અન્વયે, હાલ ના તબ્બકે, ઉભી થયેલ વીજલાઈન અને ટ્રાન્સફોર્મર, અરજદાર શ્રી ની માંગણી મુજબ, તેમની જમીન ના શેઢા પર, ઉભા કરવાની બાબત, જો પીજીવીસીએલ પક્ષકાર ને, તાંત્રીક દ્રષ્ટીએ યોગ્ય અને વ્યાજબી જણાય તો, ફરીયાદી અરજદાર પાસેથી, પીજીવીસીએલ ના નિયમાધીન એવો, સદર વીજલાઈન અને ટ્રાન્સફોર્મર ખસેડવા બાબતે નો નિયમાધીન ખર્ચ વસુલ કર્યા પછી જ, પીજીવીસીએલ તરફથી, સદર વીજલાઈન અરજદાર શ્રી ની માંગણી મુજબ શીફટીગ કરવા ની બાબત, પીજીવીસીએલ માટે નિયમાધીન યોગ્ય હોવાનુ, ફોરમ કમિટી ઠરાવે છે. |
| **૩.૪** | ફોરમ કમિટી ને સદર કેઈસ, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ની, અગ્રીમતા ના ધોરણે ખેતીવાડી વીજજોડાણ આપવાની બાબતે નો જણાયેલ છે. આ મુજબ ના, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ના ખેતીવાડી વીજજોડાણો માટે, પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવા, જીયુવીએનએલ ના પરીપત્રો નં. (૧) અગાઉ ના જીયુવીએનએલ/ આરઈ/એકસ. સર્વિસમેન/૬૮૮ તા.૦૮–૦૬–૨૦૦૭, તથા નં. (૨) તેમજ જીયુવીએનએલ/ટેક/એચ.એમ.એસ /એકસ.સર્વિસમેન/૧૨૭૬, તા.૦૯–૦૬–૨૦૧૧ (૩) તેમજ હાલ ના, જીયુવીએનએલ/ટેક /એકસ.સર્વિસમેન/૯૯૯, તા.૦૨–૦૫–૨૦૧૩, મા કરાયેલ જોગવાઈ મુજબ, આવા '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ના ખેતીવાડી વીજજોડાણો, જે – જે તે વર્ષ ના '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ ના અગ્રીમતા ના ધોરણે, '' માત્ર તત્કાલ ખેતીવાડી યોજના અંતર્ગત'' ની કાર્યવાહી હેઠળ જ ચાલુ કરવાની જોગવાઈ હોવા છતા, ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના, શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી, કે જેનો કેઈસ, '' એકસ આર્મી મેન'' ના કવોટા હેઠળ નો જ હોય, અને તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ મંજુરી મળેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી, શ્રી દામજીભાઈ બોઘાભાઈ ડાભી નુ '' એકસ આર્મી મેન ના કવોટા નુ '' ખેતીવાડી વીજજોડાણ, તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ ના ખર્ચ મુજબ નહી, પરંતુ, સામાન્ય ખેતીવાડી યોજના હેઠળ ના ખર્ચ હેઠળ જ, તા.૧૦–૦૮–૧૦ ના રોજ રીલીઝ કરાયેલ છે. આમ, સબંધક પેટા વિભાગીય કચેરી ના સબંધક જવાબદાર અધિકારીએ, સદર પ્રકારના કેઈસો મા પ્રવર્તમાન રહેલ નિયમનો ભંગ કરેલ છે.આ બાબત, ફોરમ કમિટી તરફથી, ગંભીર નોંધ હેઠળ આવરી લઈ, અને પીજીવીસીએલ ની સક્ષમ એવી વર્તુળ કચેરી જામનગર / નિગમીત કચેરી રાજકોટ નુ, સદર બાબતે, ધ્યાન દોરી, અને જવાબદારો સામે, પીજીવીસીએલ ના શીસ્તભંગના નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવાની, આ સાથે ફોરમ કમિટી તરફથી ખાસ નોંધ રજુ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧, ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર શ્રી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર ને જાણકારી આપવાનો હુકમ થયેલ છે. |
| **૪.૨** | તેમજ, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૪ મુજબ ની વિગતે, પીજીવીસીએલ ની સક્ષમ એવી વર્તુળ કચેરી જામનગર તેમજ નિગમીત કચેરી રાજકોટ ને, આ સાથે ફોરમ કમિટી તરફથી ખાસ નોંધ આપી અને યોગ્ય કાર્યવાહી કરવા બાબતે નો પણ હુકમ કરાયેલ છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**( એમ.એન. ઓઝા )**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, **સદર રકમના ૩૩% રકમ** પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..